ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં હજુ બબ્બે ઋતુનો અનુભવ

ઉત્તર ભારતમાં હિમવર્ષા થવાના કારણે ઠંડીની અસર

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. રાત્રે અને વહેલી સવારે આંશિક ઠંડી તો દિવસે ગરમી અનુભવાઈ રહી છે અને આગામી અઠવાડિયાથી ગરમી શરૂ થઈ શકે છે તેવું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી નોંધાયું છે. મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું છે.

શહેરમાં શિયાળાનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. શહેરમાં થોડા થોડા દિવસે તાપમાન વધતું અને ઘટતું જઈ રહ્યું છે. શહેરમાં થોડા સમય પહેલાં જ ઠંડીથી શહેરીજનો ઠૂંઠવાતા હતા. ઠંડીનું જોર ઘટતા શહેરીજનોએ પોતાના ગરમ કપડાં અભરાઈએ ચઢાવી દીધા હતા જે રાત્રે ઠંડીનો અનુભવ થતા ફરીથી ગરમવસ્ત્રોનો ઉફયોગ થઈ રહ્યો છે. છેલ્લા સપ્તાહથી દિવસના તાપમાનમાં વધારો થતા શહેરીજનો ગરમી અનુભવી રહ્યા છે જયારે સાંજ પડતાં જ તાપમાનનો પારો ગગડી જતા ઠંડા પવન સાથે વાતાવરણ ઠંડુ બની જાય છે. આમ દિવસે ગરમી અને રાત્રે ઠંડીના લીધે શહેરીજનો બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે. માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં રાત્રી દરમિયાન તાપમાન ૧૯ ડિગ્રીથી ૨૦ ડિગ્રી જેટલું જળવાઈ રહેશે તેવી શકયતા હવામાન વિભાગે વ્યકત કરી છે. ઉત્તર ભારતમાં થતી હિમવર્ષાની અસર શહેરમાં વર્તાઈ રહી છે.

શહેરીજનો દિવસે એસી, પંખા અને રાત્રે ગરમ ધાબળામાં રાહત મેળવી બેવડી ઋતુનો

અનુભવ કરી રહ્યા છે. ધીરે ધીરે અજવાળુ મોડી સાંજ સુધી પથરાઈ રહ્યું છે. દિવસ પણ લાંબો થતો જણાય છે. દિવસ દરમિયાનની બેવડી ઋતુમાં શહેરીજનો સિઝનલ શરદી, તાવનો અનુભવ કરી રહ્યા છે. ઠંડીમાં ઘટાડો થવાથી ઘર વિહોણા, દર્દીઓ અને સિનિયર સિટીઝનોએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ ફરીથી રાત્રિ દરમિયાન ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. શહેરીજનો એ પણ હવે શિયાળાને આખરી વિદાય આપવાનું મન બનાવી લીધું છે. પરંતુ અવારનવાર વાતાવરણમાં પલટો, ઋતુચક્રમાં ફેરફાર આ બધી કુદરતી પરિવર્તન શૈલીઓથી હવે માણસો પણ ટેવાઈ ગયા છે. શહેરમાં ગમે ત્યારે વરસાદ પડવો, વાવાઝોડાની અસર, ધુમ્મસભર્યું વાતાવરણ વિગેરેથી ખેડૂતોને ખુબ મુશ્કેલી પડે છે. ખેડૂતોએ વાવેલા પાકમાં મોસમના અલગ મિજાજની અસરો વર્તાય છે અને પાક નિષ્ફળ જાય છે. કુદરતના બદલાતા મિજાજથી માત્ર ખડૂતવર્ગને વેઠવાનો વારો આવે છે. વર્તમાન સમયમાં ઘઉંનો પાક મોટા પ્રમાણમાં નિકાસ માટે તૈયાર થઈ ગયો છે ત્યારે વાતાવરણમાં પલટો થવાથી તેમાં અસર થઈ શકે છે તેથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

જન્મદિને વધામણી



સી.એલ. મહેતા
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨

ડો. યશરાજ એસ. મજમુદાર

જગદીશ પરમાર

કરણસિંહ
મો. ૯૨૬૫૫ ૮૭૫૧૦

સચિન ત્રિવેદી
મો. ૯૪૨૬૨ ૪૧૭૦૦

ભવ્યરાજ
નરેશકુમાર પરમાર

જલ્પા જે શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧

સેક્ટર-૨ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર અંતર્ગત સેક્ટર-૨ ની જનરલ સામાન્ય સભા તારીખ રવિવારે સાંજે ૫:૦૦ કલાકે સેક્ટર-૨ ના બગીચામાં યોજવામાં આવી હતી. જેમાં સેક્ટરના ભૂદેવ તથા સેક્ટરના તમામ હોદ્દેદારો, વડીલો હાજર રહ્યા હતા. આ સામાન્ય સભામાં સર્વાનુમતે શાખાના પ્રમુખ, મહામંત્રી, મંત્રી, ઉપપ્રમુખ, સંગઠન મંત્રી, ખજાનચી, સલાહકાર, કારોબારી સભ્ય, કાયદા મંત્રી અને શાખા સ્થાપક સંયોજકની વરણી કરવામાં આવી હતી. જેમાં મહેશકુમાર જાની - પ્રમુખ , ગીરીશભાઈ ભટ્ટ - મહામંત્રી, ઉપપ્રમુખ તરીકે ભાવિનભાઈ એમ પંડ્યા, જયેશભાઈ એ. રાવલ , કેયુરભાઈ ઠાકર, ચંદ્રકાંતભાઈ પંડ્યા, ભરતભાઇ ઠાકર, રમેશભાઈ મહેતા મંત્રી, સહમંત્રીમાં કૃષ્ણદેવ આર. રાવલ , રવિભાઈ જે. વ્યાસ, મિહિરભાઈ એસ. ભટ્ટ, શાંતિસ્વરૂપ રાવલ, જગદીશભાઈ દવે, સંગથનમંત્રીમાં નિસર્ગભાઈ વી. જોશી , હિતેશભાઈ ભટ્ટ , કુમારભાઈ એમ. દવે, પ્રશાંતભાઈ એસ. રાવલ, કૃણાલભાઈ વી. ઉપાધ્યાય, વી. એ. જોષી ખજાનચી, સલાહકારમાં હસમુખભાઈ ઠાકર, અશ્વિનભાઈ ત્રિવેદી, વિનોદભાઈ કે. જોશી, નિલેશભાઈ પંડ્યા, કારોબારી સભ્યમાં સુરેશભાઈ અધ્વર્યુ, નિખિલભાઈ બી. ભટ્ટ, અરવિંદભાઈ બી. કનાડા, ભાવેશભાઈ પી. મહેતા, ઘનશ્યામભાઈ પી. ભટ્ટ , અરૂણભાઈ એન. પંડ્યા, જીગ્નેશભાઈ વ્યાસ, આર જી આચાર્ય, હિતેશભાઈ રાવલ-કાયદા મંત્રી, મુકેશભાઈ ડી. જાની - શાખા સ્થાપક સંયોજક અને સલાહકાર તરીકે સર્વાનુમતે વરણી થઈ હતી.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત સાયન્સ ટોક અને સાયન્સ લેબોરેટરી વિઝીટ કાર્યક્રમ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે યોજાયો હતો. ઈન્ટીગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફયુચર થીમ ઉપર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ.એમ.જી.ભટ્ટ, આચાર્ય-સરકારી વિજ્ઞાન કોલેજ, ડૉ. ડી.પી. પટેલ-એચ.ઓ.ડી. રસાયણશાસ્ત્ર વિભાગ, ડૉ. ઉમેશ તરપદા-પ્રોફેસર, ડૉ. અનીલ કે. પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી-નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગોપાલ સ્કૂલના શિક્ષક અનિલભાઈ અને સાથી જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસના સ્વયંસેવકોએ સહકાર આપ્યો હતો.

આજે કોલવડામાં મહાશિવરાત્રી નિમિત્તે હોમ-હવન

ગાંધીનગર, તા.૨૮

કોલવડા પાટીદાર મુકિતધામ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે ૨૪ કલાક હોમ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાર્થેશ્વર મહાદેવની આઠ પ્હોરની પૂજા રાખવામાં આવી છે. આ પૂજા-હવન કોલવડા-વાવોલ રોડ ઉપર, પાટીદાર સ્મશાન ખાતે ૧ માર્ચે સવારે ૪.૦૦ કલાકે શરૂ કરવામાં આવશે. સર્વે શિવ ભકતોને દર્શન કરવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વિશ્વ વિજ્ઞાન દિને વિજ્ઞાન કોલેજના ગ્રંથાલયમાં પુસ્તક પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં તા.૨૮મી ફેબ્રુઆરી 'વિશ્વ વિજ્ઞાન દિવસ'ને અનુલક્ષીને આજે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સેક્ટર-૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજમાં પણ સંસ્થાના ગ્રંથાલય ખાતે આ સંદર્ભે એક પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ સારો પ્રતિસાદ આપીને પુસ્તક વાંચનનું કાર્ય કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ગ્રંથાલય જયશ્રી પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજની ૧૨મીએ વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૨ માર્ચે સાંજે ૫.૦૦ કલાકે સમાજ કાર્યાલય બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પેપર પ્લેટ એકિટવીટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને વેસ્ટમાંથી બેસ્ટ એવી પેપર પ્લેટમાંથી અલગ અલગ આકારમાં રેબિટ, ક્રિસમસ ટ્રી, જેલી ફિશ, બટરફલાય, વોટરમેલન વગેરે બાળકો પાસે બનાવીને બાળકોએ અનેરો આનંદ વ્યકત કર્યો હતો.

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આયોજિત બાળસાહિત્ય સર્જન સ્પર્ધાના વિજેતા

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા આયોજીત બાળ સાહિત્ય સર્જન સ્પર્ધા ૨૦૨૧માં ગુજરાતમાંથી ભાગ લીધેલા જુદા જુદા વય જૂથના સ્પર્ધકોમાંથી વિજેતા બનેલા સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યા હતા. વિશ્વ માતૃભાષા દિવસના રોજ કુલપતિ તથા મુખ્ય મહેમાન ભાગ્યેશ જહા દ્વારા ઈનામ તથા પ્રમાણપત્ર આપી તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ધોરણ-૧૧માં સાયન્સમાં અભ્યાસ કરતાં વિધી હરેશભાઈ ગઢવીએ 'હાલરડાં' સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળા તથા સમાજનું ગૌરવ વધાર્યું હતું.

જિલ્લા કક્ષાએ કલામહાકુંભમાં મિત્તલબેન ઠાકોરનો નિબંધ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા.૨૮

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે રવિવારે તાલુકા અને જિલ્લા કક્ષાના કલા મહાકુંભનું આયોજન મગોડી ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, એકપાત્રીય અભિનયમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તાલુકા કક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની મિત્તલબેન ઠાકોર જેમણે જિલ્લા કક્ષામાં પણ નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રકાશ ઠાકોર, એકપાત્રીય અભિનયમાં દ્વિતીય નંબરે કિંખાબેન ઠાકોર વિજેતા થયા હતા. શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાના નેતૃત્વ હેઠળ શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી હતી.

શહેરના જાણીતા ગઝલકાર કિશોર જીકાદરાના ગઝલ સંગ્રહ હૈયાસરસીનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના સાંપ્રત સમયના શ્રેષ્ઠ ગઝલકાર પૈકીના એક એવા કવિ શ્રી કિશોર જિકાદરાના પુસ્તક 'હૈયાસરસી' વિમોચનનો દમામભેર કાર્યક્રમ રવિવારે આયોજિત થયો હતો. કાર્યક્રમની શરૂઆત પારૂલ મહેતા દ્વારા રાગ બહારમાં ગવાયેલી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. હૈયાસરસી પુસ્તક કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો કવિ શ્રી ભાગ્યેશ જહા, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ શ્રી સંજય થોરાત, ઉપાધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ પટેલ, મહામંત્રી શ્રી રમેશ ઠક્કર, પ્રા. ડો. સંજય પટેલ અને કવિ શ્રી કિશોર જિકાદરા દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કટાર લેખક મનોજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોનું પુસ્તક, પુષ્પ, ખાદીનો હાથરૂમાલ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે 'હૈયાસરસી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કવિ શ્રી કિશોર જિકાદરાના પુસ્તકનો ઉઘાડ ડો. સંજય પટેલે કર્યો હતો એમણે કવિની દરેક ગઝલ કંઠસ્થ હતી. આખો પ્રસંગ એમના વકતવ્યથી દીપી ઊઠ્યો હતો.

ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી અને આજના કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી રમેશ ઠક્કરે કવિ શ્રી કિશોર જિકાદરા પ્રત્યે પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કર્યો હતો. કવિ શ્રી કિશોર જિકાદરાની ગઝલનું પઠન ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલે કર્યું હતું અને એ જ ગઝલની સંગીતમય પ્રસ્તુતિ હાર્દિક ભટ્ટ અને મોહિત સુરાણીએ કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન કવિ શ્રી ભાગ્યેશ જહાએ એમની આગવી શૈલીમાં કવિનું વ્યક્તિત્વ અને એમની ગઝલની બારીકાઈ વર્ણવી હતી અને કાર્યક્રમ યાદગાર બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં કવિ શ્રી હરિકૃષ્ણ પાઠક, ડો. કેશુભાઈ દેસાઈ, શ્રી ડો. હર્ષદ શાહ, શ્રી વી. એસ. ગઢવી, શ્રી પુલક ત્રિવેદી, શ્રી રાઘવજી માધડ, શ્રી ડંકેશ ઓઝા, શ્રી જયંત ડાંગોદરા, સુશ્રી પ્રજ્ઞાબહેન પટેલ, શ્રી ડો. કનૈયાલાલ ભટ્ટ, શ્રી રમણભાઈ વાઘેલા, શ્રી અરૂણ બુચ, ડો. મહિપતસિંહ પરમાર, ડો. ચેતના બુચ, શ્રી કુંતલ નિમાવત, શ્રી જીલુભા ધાંધલ, નેહલ ગઢવી, શ્રી નિલેશ થાનકી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની આભાર વિધિ ડો. હેમા જીકાદરા દ્વારા કરવામાં આવી હતી.

સરસ્વતી વિદ્યાલયમાં રેડ ડેનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

સરસ્વતી વિદ્યાલયમાં રેડ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

કેજીના બાળકોએ રેડ કપડા ઉપરાતં નાસ્તામાં પણ લાલ કલરનો સ્વાસ્થ્યવર્ધક ખોરાક સલાડ જેમાં ગાજર, ટામેટા લાવીને પોતાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો. કેજીના વર્ગ શિક્ષક પ્રિતીબેન પટેલે લાલ કલરનું મહત્વ તેમજ સ્વાસ્થ્યવર્ધક આહાર ખાવાથી થતા ફાયદા જણાવ્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ખાંટ સોમીબેન ચેલાજી,** ઉ.વ. ૮૦, બોરીજ
- **સ્વ. ચૌહાણ કિંજલબેન દિનેશભાઈ,** ઉ.વ. ૨૩, મોટીપાવડી, દહેગામ
- **સ્વ. રાણા રજનીકુંવરબા જયવંતસિંહ,** ઉ.વ. ૮૮, સેકટર-૧૯

સેકટર-૨-બીમાં પાણીના ફોર્સની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૨-બી પ્લોટ નં. ૩૭૦માં તથા આજુબાજુના વિસ્તારમાં પાણીનો ફોર્સ ધીમો આવતા વારંવાર ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સેકટર-૩ની પાણી ગટર વ્યવસ્થાની ઈન્કવાયરીમાં તથા પાટનગર યોજના ભવનમાં ફરિયાદો કરવા છતાં ઉકેલ આવતો નથી તેવી ફરિયાદો ઉઠી હતી. સેકટર-૨-બીના નાગરિકોની વ્યથા સાંભળવા વ્યસ્ત નગરસેવકોએ આ બાબતે નિરાકરણ કરવા માટે પગલાં લેવા જોઈએ તથા સરકારી કચેરીઓમાં શહેરીજનોના સામાન્ય પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ ઉઠી રહી છે.